# PRESS NOTE

## ટેકનિકલ સોર્સિસ તથા પોકેટકોપ ની મદદથી ચોરી કરેલ મો.સા. સાથે ચોર ઇસમને પકડી અનડીટેકટ ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીને પકડી પાડતી રાજકોટ તાલુકા પોલીસ

**રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી મહેન્દ્ર બગરીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી જગદીશ બાંગરવા સાહેબ (ઝોન-૨) તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી બી.જે.ચૌધરી સાહેબ દક્ષિણ વિભાગના માર્ગદર્શન હેઠળ સઘન પેટ્રોલીંગ કરી મિલકત સંબંધી અનડીટેક્ટ ગુન્હાઓ શોધી કાઢવા તથા ગુન્હા બનતા અટકાવવા તેમજ વાહન ચોરી અટકાવવા સુચના કરેલ હોય**

રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ. ડી.એમ.હરિપરા સાહેબની સુચનાથી સર્વેલન્સ ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ૮૦ ફુટ રોડ ઉપર આવેલ મટુકી રેસ્ટોરન્ટ પાસે આવતા સાથેના પો.કોન્સ. મયુરસિંહ દૈવતસિંહ જાડેજા તથા શિવભદ્રસિંહ બાપાલાલ ગોહિલ નાઓને ટેકનિકલ સોર્સિસ આધારે ચોક્કસ બાતમી મળેલ કે વાવડી મેઈન રોડ ફાલ્કન પંપ પાસે એક સ્પ્લેન્ડર મો.સા. જેની આગળ પાછળ નંબર પ્લેટ વગરનું છે તે લઇ ને એક ઇસમ નિકળનાર હોય જે સ્પ્લેન્ડર મો.સા. ચોરીનું હોવાની હકિક્ત મળતા હકીકત વાળી જગ્યાએ ઉભા રહેતા ગોંડલ હાઈવે રોડ તરફથી હકીકત વાળુ મોટર સાયકલ આવતા તેને કોર્ડન કરી રોકી તપાસ દરમ્યાન સદરહુ હકિકત વાળો ઇસમ સદરહું સ્પ્લેન્ડર મો.સા. સાથે મળી આવતા મજકુર ઇસમ પાસે રહેલ સ્પ્લેન્ડર મો.સા.ના ચેસીસ નંબર તથા એન્જીન નંબર પોકેટ કોપ એપમાં સર્ચ કરી સદરહુ મો.સા અન્ય વ્યકિતના નામે હોય જેથી મજકુર ની યુક્તી પ્રયુક્તી થી પુછપરછ કરતા પોતે બે દિવસ પહેલા ભાવનગર ઇન્દીરાનગર દિવાલ પાસેથી ચોરી કરેલ હોવાનુ જણાવેલ જે બાબતે ભાવનગર બોરતળાવ પો.સ્ટે. તપાસ કરાવતા ગુ.ર.નં- ૧૧૧૯૮૦૧૫૨૪૧૨૮૨/૨૦૨૪ બી.એન.એસ. કલમ 303(૨) મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી મજકુર ઇસમ ને બી.એન.એસ.એસ.કલમ-૩૫(૧)જે અટક કરી મો.સા. B.N.S.S. કલમ ૧૦૬ મુજબ કબજે કરેલની કાર્યવાહી કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ➤ આરોપીનુ નામ | ભાવેશ ઉર્ફે ભાવો લાભુભાઈ ચુડાસમા જાતે-દે.પુ ઉ.વ-૧૮ ધંધો-મજુરી રહે.-વાવડી ગામ પાસે નવા બનેલ R.M.C આવાસના કવાટરમાં ઈ-વીંગ ૧૩ મા માળે, રાજકોટ મુળરહે-બહુચરમાનો ચોક માર્કેટીંગ યાર્ડ જકાતનાકા, ઈન્દીરાનગર ભાવનગર |

➤ ડીટેકટ કરેલ ગુન્હા

| અનુ. નં. | ગુ.ર.નં. | કબ્જે લિધેલ મુદામાલ |
|---|---|---|
| ૧ | ભાવનગર બોરતળાવ પો.સ્ટે. ગુ.ર.નં-૧૧૧૯૮૦૧૫૨૪૧૨૮૨/૨૦૨૪ બી.એન.એસ. કલમ 303(૨) મુજબ | સ્પ્લેન્ડર મો.સા ના ચેસીસ નંબર-06L16F17455 તથા એન્જીન નંબર-06L15E54212 કી.રૂ.૨૦,૦૦૦/- વાળુ |



**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-**

પોલીસ ઇન્સ. ડી.એમ.હરિપરા તથા ઇ.પો.સબ.ઇન્સ. એલ.બી.ડીંડોર તથા પો.હેડ.કોન્સ કૌશેન્દ્રસિંહ રણજીતસિંહ ઝાલા તથા અજયભાઇ ભગવાનજીભાઇ ભુંડીયા તથા પો.કોન્સ. મયુરસિંહ દૈવતસિંહ જાડેજા તથા જીલુભાઇ મેરામભાઇ ગરચર તથા શીવભદ્રસિહ બાપાલાલ ગોહીલ તથા સંજયભાઇ વિરજીભાઈ માંડાણી તથા નિકુંજભાઈ ધીરજલાલ મારવીયા.

તા.૧૧/૦૮/૨૦૨૪

(ડી.એમ.હરિપરા)
પોલીસ ઇન્સ્પેકટર
રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન રાજકોટ શહેરની પ્રેસ નોટ

## રાજકોટ શહેરના અલગ-અલગ અરજદારશ્રીઓને સાયબર ફ્રોડ થી ગુમાવેલ કુલ Rs.2,87,685/- પરત અપાવતી રાજકોટ શહેર "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન સાયબર ટીમ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી જગ્દીશ બાંગરવા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર દક્ષીણ વિભાગ શ્રી બી.જે.ચૌધરી નાઓએ સાયબર ક્રાઇમ દ્વારા જે અરજદારશ્રીઓએ સાયબર ફ્રોડ થી રૂપીયા ગુમાવેલ હોય તે પરત અપાવવા સુચના કરેલ હોય જેથી "એ" ડીવીજન પોલીસ સ્ટેશનના પો.ઇન્સ. આર.જી.બારોટ સાહેબના માર્ગદર્શન હેઠળ "એ" ડીવીઝન પોલીસ સ્ટેશન સાયબર ટીમના ઇન્ચાર્જ પો.હે.કોન્સ જયેન્દ્રસિંહ મદારસિંહ તથા પો.કોન્સ. અમીતકુમાર ખીમજીભાઇ તથા મનીષભાઇ પરબતભાઇ નાઓ દ્વારા અરજદારશ્રી ઓને સાયબર ફ્રોડ થી ગુમાવેલ રૂપીયા પરત અપાવામા આવેલ છે. જે નીચે મુજબ છે.

- **અરજદારશ્રીઓ ની વિગત-:**
- **1.** અરજદારશ્રી ખુશાલીબેન ચંદ્રેશભાઇ ગોંડલીયા રહે.રાજકોટ વાળા નાઓને ક્રેડીટકાર્ડ ડીપાર્ટમેન્ટ માથી ફેક કોલ આવેલ અને કોઇ અજાણી એપ્લીકેશન ડાઉનલોડ કરાવેલ જેથી અરજદારના ક્રેડીટકાર્ડમાથી Rs.29,740/- ડેબીટ થયેલ આ રીતે સામાવળાએ સાયબર ફ્રોડ કરેલ હોય જેના **Rs.29,740/-** પરત અપાવેલ છે.

- **2.** અરજદારશ્રી આનંદ ભરતભાઇ પુજારા રહે.રાજકોટ વાળા નાઓને કોઇ અજાણ્યા નંબર પરથી ફોન આવેલ અને વોટસએપમા ચંપલના ફોટા મોકલેલ અને અરજદારશ્રીને ગમતા તેમણે તે ચંપલ ની કુલ ૩૫૦ જોડી મંગાવેલ અને તેનુ પેમેન્ટ કરેલ પરંતુ માલ મોકલેલ નહી અને આ રીતે સામાવળાએ સાયબર ફ્રોડ કરેલ હોય જેના **Rs.43,000/-** પરત અપાવેલ છે.

- **3.** અરજદારશ્રી મીત કોટેચા રહે.રાજકોટ વાળા નાઓએ ઇન્સ્ટાગ્રામમાથી અમરનાથ યાત્રા નુ પેકેઝ બુકીંગ કરાવેલ જેમા સામાવાળાએ તેમની સાથે સાયબર ફ્રોડ કરેલ હોય જેના **Rs.52,000/-** પરત અપાવેલ છે.

- **4.** અરજદારશ્રી મોનીક બીપીનભાઇ લોઢીયા રહે.રાજકોટ વાળા નાઓએ ઇન્સ્ટાગ્રામમા તેમના મીત્રના ફેક હેક કરેલ આઇ ડી માથી ક્રીપ્ટો મા રોકાણ કરી ટુકા સમયાગાળામા જ વધારે પૈસા કમાવવાની લાલચ આપી સામાવાળાએ અરજદારશ્રી સાથે સાયબર ફ્રોડ કરેલ હોય જેના **Rs.32,100/-** પરત અપાવેલ છે.

- **5.** અરજદારશ્રી ઇશ્વાબેન અતુલભાઇ મકવાણા રહે.રાજકોટ વાળા નાઓએ તેમના મીત્ર દ્વારા જ ઓનલાઇન પૈસા ટ્રાન્સ્ફર કરી અરજદારશ્રી સાથે સાયબર ફ્રોડ કરેલ હોય જેના **Rs.25,000/-** પરત અપાવેલ છે.

- **6.** અરજદારશ્રી હેમાંગ લલીતકુમાર શાહ રહે.રાજકોટ વાળા નાઓએ અરજદારશ્રીને એક અજાણ્યા એકસીસ બેંકની લીંક નો મેસેજ આવેલ જેના પર ક્લીક કરતાની સાથે જ અરજદારશ્રીના મોબાઇલમા અજાણ્યા નંબર પરથી ફોન પણ ચાલુ થઇ ગયેલ અને ઓ ટી પી આવવા લાગેલ અને ઓ ટી પી આપ્યા વગર અરજદારશ્રી સાથે સાયબર ફ્રોડ કરેલ હોય જેના **Rs.81,145/-** પરત અપાવેલ છે.

- **7.** અરજદારશ્રી રીના વા/ઓ સમીરભાઇ સ્વદાસ રહે.રાજકોટ વાળા નાઓને પંજાબ નેશનલ બેંકમાથી મેનેઝરનો ફ્રોડ કોલ આવેલ અને તેઓની યોનો એપ્લીકેશનના યુઝર આઇડી તેમજ પાસવર્ડ લઇને અરજદારશ્રી સાથે સાયબર ફ્રોડ કરેલ હોય જેના **Rs.14,000/-** પરત અપાવેલ છે.

- **8.** અરજદારશ્રી દીવ્યેશભાઇ કમલેશભાઇ બુંદેલા રહે.રાજકોટ વાળા નાઓને સામાવાળાએ લોટરીના નામે સાયબર ફ્રોડ કરેલ હોય જેના **Rs.12,868/-** પરત અપાવેલ છે

- **9.** અરજદારશ્રી અશ્વિનભાઇ ગુમાનસિંહભાઇ જરિયા રહે.રાજકોટ વાળા નાઓને સામાવાળાએ OLX એપ મા એક ફ્રીજ અને એરકન્ડીસર સસ્તા ભાવે આપવાની લાલચ આપી અને પોતે આર્મીમા છે તેવી ખોટી ઓળખ આપી અરજદાશ્રીને વિશ્વાસમા લઇ સાયબર ફ્રોડ કરેલ હોય જેના **Rs.9500/-**પરત અપાવેલ છે

- **10.** અરજદારશ્રી માનશી જયેંદ્રભાઇ જોશી  રહે.રાજકોટ વાળા નાઓને સામાવાળાએ ઇન્સ્ટાગ્રામમાથી ટીફીન સેવા ચાલુ કરાવેલ અને સામાવાળાએ અરજદાશ્રીને વિશ્વાસમા લઇ સાયબર ફ્રોડ કરેલ હોય જેના **Rs.1200/-**પરત અપાવેલ છે

- **આમ ઓનલાઇન ફ્રોડથી અરજદારશ્રીઓએ ગુમાવેલ Rs. 2,87,685/- પરત અપાવવામા આવેલ છે.**

- **કામગીરી કરનાર અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીઓ -:**

**પોલીસ ઇન્સ્પેકટરશ્રી આર.જી.બારોટ તથા કર્મચારીશ્રી પો.હે.કોન્સ જયેન્દ્રસિંહ મદારસિંહ તથા પો.કોન્સ અમીતકુમાર ખીમજીભાઇ તથા મનીષભાઇ પરબતભાઇ “એ” ડીવીજન પોલીસ સ્ટેશન રાજકોટ શહેર.**

**તા.૧૦/૦૯/૨૦૨૪**





**(આર.જી.બારોટ)**
**પોલીસ ઇન્સ્પેકટર**
**“એ” ડીવીઝન પોલીસ સ્ટેશન**
**રાજકોટ શહેર**

માલવીયાનગર પોલીસ સ્ટેશન
વિશ્વેશ્વર મહાદેવ મંદીર પાસે મવડી મેઈન રોડ રાજકોટ
E mail :- polstn-malvia-raj@gujarat.gov.in
ફોન નં -૦૨૮૧-૨૩૮૦૦૪૬

# ચોરાઉ મોટર સાયકલ સાથે બે ઇસમોને પકડી પાડતી માલવીયાનગર પોલીસ

રાજકોટ શહેર પોલીસ કમીશ્નર શ્રી બ્રજેશ કુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમીશ્નર શ્રી મહેન્દ્ર બગરીયા સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર ઝોન-૨ શ્રી જગદીશ બાંગરવા સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી બી.જી.ચૌધરી સાહેબ દક્ષીણ વિભાગ નાઓએ મીલકત સબંધીત ગુન્હાઓમાં વણશોધાયેલ ગુન્હાઓમાં પકડવાના બાકી આરોપીઓ તેમજ નાસતા-ફરતા આરોપી તેમજ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય

અમો પો.ઈન્સ. જે.આર.દેસાઇ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એસ.એ.સીન્ધી તથા સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ મીલકત સબંધીત ગુન્હાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પો.હેડ.કોન્સ. અજયભાઇ વિકમા તથા પો.કોન્સ. મયુરદાન બાટી તથા પો.કોન્સ જયદિપસિંહ ભટ્ટી નાઓને સંયુકત રીતે તેમના ખાનગી બાતમીદાર મારફતે મળેલ હકીકત આધારે, ગોકુલધામ આર.એમ.સી. કર્વાટરની સામે જય સીયારામ ફરસાણ નામની દુકાન પાસે જાહેર રોડ ઉપરથી બે ઈસમોને એક કાળા કલરનુ નંબર પ્લેટ વગરનુ બજાજ CT-100 મોટર સાઇકલ સાથે શંકાસ્પદ હાલતમાં મળી આવતા મો.સા. બાબતે પુછપરછ કરતા પોતે ફર્યુ ફર્યુ બોલતો હોય જેથી સદરહુ મોટર સાયકલના એન્જીન/ચેસીસ નંબર ઇ-ગુજકોપ પ્રોજેકટ અંતર્ગત ચાલતી પોકેટ કોપ એપ્લીકેશનમાં ચેક કરતા અન્ય વ્યક્તિના નામે રજીસ્ટ્રેશન થયેલ હોય જેથી પુછપરછ કરતા પોતે ગઇ તા.૨૪/૦૮/૨૦૨૪ના સવારના સાડા નવેક વાગ્યાની આસપાસ જામનગર રોડ બજરંગવાડી મેઇન રોડ ખાતે પાર્ક કરેલ હોય ત્યાંથી સદરહું મો.સા.ની ચોરી કરેલ હોવાની હકીકત જણાવતા મજકુર આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

| ક્રમ | આરોપીનુ નામ |
|---|---|
| ૧ | નિલેશ જયેશભાઇ ઠકરાર ઉવ. ૩૧ રહે. ગુરૂપ્રસાદ ચોક દ્વારકેશ સોસાયટી બંધ શેરી રાજકોટ |
| ૨ | અમરદિપ ઉર્ફે ખોડાભાઇ મનુભાઇ પરમાર ઉવ.૪૦ રહે. ગોકુલધામ આવાસ યોજના કર્વાટર બ્લોક નં.૧૨ રૂમ નં.૧૪૩૬ ગોકુલધામ મેઇન રોડ રાજકોટ |

## કબ્જે કરેલ મુદામાલ

| ક્રમ | વિગત | કિમત |
|---|---|---|
| ૧ | કાળા કલરનુ બજાજ CT-100 મોટર સાયકલ જેના એન્જીન નંબર - PFYPKF47716 તથા ચેસીસ નંબર - MD2B37AY8KPF23092 | ૪૦,૦૦૦/- |

## ડીટેકટ થયેલ ગુન્હો

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | રાજકોટ શહેર ગાંધીગ્રામ પો.સ્ટે. ગુ.ર.નં. ૦૬૮૧/૨૪ બી.એન.એસ. કલમ ૩૦૩(૨) |

## આ કામગીરી કરનાર અધી./કર્મચારીઓ

➡ પો.ઈન્સ. જે.આર.દેસાઇ તથા પો.સબ.ઇન્સ. એસ.એ.સીન્ધી તથા પો.હેડ.કોન્સ. અજયભાઈ વિકમા, દિનેશભાઇ બગડા, જયદેવસિંહ પરમાર તથા પો.કોન્સ. હરસુખભાઈ સબાડ, ભાવેશભાઇ ગઢવી, મયુરદાન બાટી, જયદિપસિંહ ભાટી, હિતેષભાઇ અગ્રાવત માલવીયાનગર પો. સ્ટે. રાજકોટ શહેર



(જે.આર.દેસાઇ)
પોલીસ ઇન્સ્પેકટર
માલવીયાનગર પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન
૧૫૦ ફુટ રીંગ રોડ, મોદી સ્કુલ બાજુમાં રાજકોટ
E mail :- polstn-gandhi-raj@gujarat.gov.in
ફોન નં - ૦૨૮૧-૨૫૮૮૦૮૫


# વણશોધાયેલ ત્રણ અલગ અલગ વાહન ચોરીના ગુન્હાઓ ડીટેકટ કરી આરોપીને કુલ ત્રણ વાહનો સાથે પકડી પાડતી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ ટીમ

પોલીસ કમીશ્નર શ્રી બ્રજેશ કુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમીશ્નર શ્રી મહેન્દ્ર બગરીયા સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ કમીશ્નર ઝોન-૨ શ્રી સજનસિહ પરમાર સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી રાધિકા ભારાઇ સાહેબ પશ્ચિમ વિભાગ નાઓએ મીલકત સબંધીત ગુન્હાઓમાં વણશોધાયેલ ગુન્હાઓમાં પકડવાના બાકી આરોપીઓ તેમજ નાસતા-ફરતા આરોપી તેમજ ચોર મુદામાલ શોધી કાઢવા સુચના આપેલ હોય જેથી અમો પો.ઈન્સ. કે.જે.કરપડા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એસ.એલ.ગોહીલ તથા સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ મીલકત સબંધીત ગુન્હાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા. તેમજ અત્રેના પો.સ્ટે વિસ્તારમાં અવાર-નવાર એક જ જગ્યાએ વાહન ચોરીઓના બનાવો બનતા હોય તેવી જગ્યાઓએ વારંવાર ડીકોઇ ગોઠવી તેમજ ચોરી વાળી જગ્યાની આજુ-બાજુના સી.સી.ટી.વી કેમેરાઓ ચેક કરી તેમજ ખાનગી બાતમીદારો મારફતે આ ચોર ઇસમને પકડવા માટે પ્રયત્નો ચાલુમાં હતા. તે દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પો.કોન્સ મુકેશભાઇ સબાડ તથા રોહીતદાન ગઢવી તથા પ્રદિપભાઇ ડાંગર નાઓને સંયુકત રીતે તેમના ખાનગી બાતમીદાર મારફતે હકીકત આધારે, શીતલ પાર્ક સર્કલ થી સંજયનગર તરફ જવાના રોડ ઉપર એક ઈસમને સી.એન.જી ઓટો રીક્ષા સાથે શંકાસ્પદ હાલતમાં મળી આવતા જેથી સદરહુ ઓટો રીક્ષાના રજી. નંબર તથા એન્જીન તથા ચેસીસ નંબર પોકેટ કોપ એપ્લીકેશનમાં ચેક કરતા અન્ય વ્યકતી નામે રજીસ્ટ્રેશન થયેલ હોય જેથી પુછપરછ કરતા પોતે સદરહું ઓટો રીક્ષાની ચોરી કરેલ હોવાની હકીકત જણાવતા મજકુરની યુકિત-પ્રયુકિતથી પુછપરછ કરતા પોતે અન્ય બે મો.સા તથા ઓટો રીક્ષાની ચોરીઓ કરેલ હોવાની હકીકત જણાવતા અન્ય બે મો.સા. તથા ઓટો રીક્ષા મળી આવતા મજકુર આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

| ક્રમ | આરોપીનુ નામ |
|---|---|
| ૧ | જીતેન્દ્ર ઉર્ફે જીતુ ગોવીદભાઇ પરમાર ઉ.વ.૨૪ રહે. મોરબી જીલ્લામાં અલગ અલગ જગ્યાએ રખડતો ભટકતો મોરબી. મુળ રહે.જોડીયા ગામ દલીતવાસ જી.જામનગર. |

| ક્રમ | શોધાયેલ ગુન્હાઓ |
|---|---|
| ૧ | ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન, પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૦૮૦૩૫૨૪૦૫૩૪/૨૦૨૪ ભારતીય ન્યાય સહિતા- 2023 BNS કલમ 303(૨) મુજબ. |
| ૨ | ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન, પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૦૮૦૩૫૨૪૦૭૦૧/૨૦૨૪ ભારતીય ન્યાય સહિતા- 2023 BNS કલમ 303(૨) મુજબ. |
| 3 | ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન, પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૦૮૦૩૫૨૪૦૭૦૨/૨૦૨૪ ભારતીય ન્યાય સહિતા- 2023 BNS કલમ 303(૨) મુજબ. |

## કબ્જે કરેલ મુદામાલ

| ક્રમ | વિગત | કિમત |
|---|---|---|
| ૧ | બજાજ કંપનીની સી.એન.જી ઓટો રીક્ષા<br>રજી. નંબર - GJ-03-BT.4777<br>એન્જીન નંબર – ZZWFL50165<br>ચેસીસ નંબર - MD2A27AZ1FWL24899 | ૬0,000/- |
| ૨ | હીરો કંપનીનુ સપ્લેન્ડર મો.સા.<br>રજી. નંબર - GJ-04-DF-3719<br>એન્જીન નંબર – HA10AGJHC54736<br>ચેસીસ નંબર - MBLHAR074JHC47383 | ૨0,000/- |
| ૩ | હીરો કંપનીનુ સપ્લેન્ડર મો.સા.<br>રજી. નંબર - GJ-03-BG-279<br>એન્જીન નંબર – 05MI15MO6718<br>ચેસીસ નંબર - 05M16CO7100 | ૨0,000/- |
| | કુલ કિમંત | ૧,00,000/- |

| ક્રમ | આરોપીનો ગુન્હાહીત ઇતીહાસ |
|---|---|
| ૧ | રાજકોટ શહેર પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૦૧૮૯/૨૦૨૦ આઇ.પી.સી.કલમ ૩૭૯ મુજબ. |
| ૨ | રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૦૦૯૬/૨૦૧૬ આઇ.પી.સી.કલમ ૩૮૦,૪૫૪ મુજબ. |
| ૩ | રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૦૦૨૪/૨૦૧૫ આઇ.પી.સી.કલમ ૩૮૦,૪૫૪ મુજબ. |
| ૪ | જામનગર સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૦૦૭૧/૨૦૧૯ આઇ.પી.સી.કલમ ૩૭૯ મુજબ. |
| ૫ | રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૦૦૨૫/૨૦૧૬ આઇ.પી.સી.કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ મુજબ. |
| ૬ | રાજકોટ શહેર પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૦૧૦૮/૨૦૨૩ આઇ.પી.સી.કલમ ૩૭૯ મુજબ. |
| ૭ | રાજકોટ શહેર પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૦૪૨૪/૨૦૨૩ આઇ.પી.સી.કલમ ૩૭૯ મુજબ. |

➡ **આ કામગીરી કરનાર અધી./કર્મચારીઓ**

પો.ઈન્સ કે.જે.કરપડા તથા પો.સબ.ઇન્સ એસ.એલ.ગોહીલ તથા પો.હેડ.કોન્સ. મશરીભાઇ ભેટારીયા, તથા રોહીતભાઇ કછોટ તથા પો.કોન્સ અમીનભાઇ ભલુર, રોહીતદાન ગઢવી, મુકેશભાઇ સબાડ, પ્રદિપભાઇ ડાંગર, રઘુવીરસિહ જાડેજા, અશોકભાઇ હુબલ, પ્રશાંતભાઇ ગજેરા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન રાજકોટ શહેર.

તા.૦૯/૦૯/૨૦૨૪

(કે.જે.કરપડા)
પોલીસ ઇન્સપેકટર
ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર




GJ23
AU0565
RE
CNG
RE

# PRESS NOTE
# KUVADVA ROAD POLICE STATION

## ગણપતીજી તહેવાર અનુસંધાને મિલ્કત વિરૂધ્ધના તથા પ્રોહીબીશનના ગુન્હાઓ અટકાવવા ચોરી તથા ઇંગ્લીશ દારૂના ગુન્હામાં પકડાયેલ બે ઇસમોની પાસા-તળે અટકાયત કરતી કુવાડવા રોડ પોલીસ સ્ટેશન તથા પી.સી.બી. શાખા રાજકોટ શહેર

મ્હે. પોલીસ કમીશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમીશ્નર શ્રી મહેન્દ્ર બગરીયા સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી સજનસિંહ પરમાર સાહેબ (ઝોન-૧) તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી આર.એસ.બારીઆ સાહેબ (ઉત્તર વિભાગ) નાઓની સુચનાથી રાજકોટ શહેરમા મિલ્કત સબંધી ગુન્હાઓ તથા પ્રોહીબીશન ગુન્હાઓ અટકાવવા સારૂ સુચના કરેલ હોય.

જે અનુસંધાને અમો પોલીસ ઇન્સપેકટર બી.પી.રજયા કુવાડવા રોડ પોલીસ સ્ટેશન દ્વારા મંદિર ચોરીમાં પકડાયેલ ઇસમ તથા ઇંગ્લીશ દારૂના ગુન્હામાં પકડાયેલ ઇસમની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલતા પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબએ બન્ને ઇસમોના પાસા વોરંટ ઇસ્યુ કરતા અધિક પોલીસ કમીશ્નર શ્રી મહેન્દ્ર બગરીયા સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી સજનસિંહ પરમાર સાહેબ (ઝોન-૧) તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી આર.એસ.બારીઆ સાહેબ (ઉત્તર વિભાગ) નાઓની માર્ગદર્શન હેઠળ નીચે જણાવેલ ઇસમોને પાસા અટકાયતમાં લઇ પાસા વોરંટની બજવણી કરવામાં આવેલ છે.

પાસા અટકાયતીઓ :-

(૧) જયંતીભાઇ રાઘવભાઇ ચૌહાણ જાતે-કોળી ઉ.વ.-૩૦ ધંધો-મજુરી રહે, નવાગામ રંગીલા પાર્ક રામદેવ પાર્ક શેરી નં ૨ તા. જી. રાજકોટ વાળાને વડોદરા જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે.

(૨) મયુરભાઇ શાંતીલાલ ગોંઢા જાતે-સગર ઉ.વ.-૩૩ ધંધો-મજુરી રહે, રાજકોટ ભગીરથ સોસાયટી ૪ સંતકબીર રોડ રાજકોટ વાળાને સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે.

કામગીરી કરનાર અધિકારી /કર્મચારીઓ :- પોલીસ ઇન્સ બી.પી.રજયા તથા પો.સબ.ઇન્સ એમ.જે.વરૂ પી.સી.બી. પોલીસ ઇન્સ એમ.આર.ગોંડલીયા તથા પો.સબ.ઇન્સ.પી.બી.ત્રાજીયા તથા કુવાડવા રોડ પો સ્ટેના એ.એસ.આઇ. કે.વી.જાડેજા તથા એ.ડી.મકવાણા તથા મોહીતભાઇ કુંભરવાડીયા તથા પો.હેડકોન્સ અજીતભાઇ ભાનુભાઇ લોખીલ તથા હિતેશભાઇ જસમતભાઇ માલકીયા તથા વિક્રમભાઇ ગરચર તથા ધર્મેન્દ્રસિંહ પરમાર તથા પો.કોન્સ જયદીપભાઇ ધોળકીયા તથા ભાવેશભાઇ મકવાણા તથા જયપાલભાઇ બરાળીયા તથા સંજયભાઇ મિયાત્રા તથા કુશલભાઇ જોષી તથા ધર્મરાજસિંહ રાણા તથા પી.સી.બી શાખાના એ.એસ.આઇ રાજુભાઇ દહેકવાલ તથા પો.હેડકોન્સ ઇન્દ્રજીતસિંહ સીસોદીયા તથા રાહુલગીરી ગૌસ્વામી

તા:-૧૦/૦૯/૨૦૨૪

( બી.પી.રજયા )
પોલીસ ઇન્સપેકટર
કુવાડવા રોડ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર.





# પ્રધ્યુમન નગર પોલીસ સ્ટેશન રાજકોટ શહેરની પ્રેસ નોટ

**પ્રધ્યુમનગર પોલીસ સ્ટેશન દ્વારા આયોજીત કાર્યક્રમ**

" તેરા તુજકો અર્પણ "

**"CEIR" પોર્ટલની મદદથી કુલ-૩૦ મોબાઈલ જેની (કિ. રૂ ૪,૭૪,૦૦૪/-) શોધી મુળ માલિકને પરત કરતી પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનની સાઇબર ટીમ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ જગદીશ બાંગરવા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમ વિભાગ શ્રી રાધિકા ભારાઇ સાહેબ નાઓએ રાજકોટ શહેર માંથી ચોરી/ગુમ થયેલ મોબાઇલ શોધી કાઢવા માટે સુચના કરેલ હોય.

જે અનુસંધાને પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ/ચોરી થયેલ મોબાઇલ ફોન શોધી કાઢવા પ્ર નગર સાઇબર ટીમને સુચના આપેલ હતી .સાઇબર ટીમ દ્વારા હ્યુમન રીસોર્સીસ તથા ટેકનીકલ ઇન્ટેલીજન્સના આધારે તથા "C E I R" પોર્ટલનો ઉપયોગ કરી તથા "C E I R" પોર્ટલ પર સતત મોનિટરીંગ કરવામા આવેલ તથા ટ્રેશ થયેલ મોબાઇલ શોધી કાઢવા માટે ટીમ દ્વારા વિસ્તારમાં અલગ અલગ સ્થળો પર તપાસ કરવામાં આવેલ હતી. જેમાં "C E I R" પોર્ટલ તથા હ્યુમન રીસોર્સીસ તથા ટેકનીકલ ઇન્ટેલીજન્સના આધારે કુલ - ૩૦ મોબાઈલ ફોન જેની કિ.રૂ ૪,૭૪,૦૦૪/- ના શોધી રીકવર કરવામાં આવેલ છે અને તા-૦૫/૦૯/૨૦૨૪ ના રોજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૨ શ્રી જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમ વિભાગ શ્રી રાધિકા ભારાઇ સાહેબ ના વરદ હસ્તે મુળ માલીકોને પરત આપવામા આવેલ છે.

આ કાર્યક્રમમા ઉપસ્થીત તમામ અરજદારોને નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૨ શ્રી જગદીશ બાંગરવા સાહેબે આજકાલ વધી રહેલા સાઇબર ફ્રોડ તથા ચોરી ના બનાવો વિશે માહિતગાર કર્યા તથા લોકોના વિવિધ પ્રશ્ને માર્ગદર્શન આપેલ હતું.

**કામગીરી કરનાર અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીઓ - :**

**પોલીસ ઇન્સ્પેકટરશ્રી બી.એમ.ઝણકાટ તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી પી.આર.ડોબરીયા તથા એ.એસ.આઇ શ્રી સી.એમ.ચાવડા તથા શ્રી નગ્માબેન શેખ તથા શ્રી જેસલબેન મોરી તથા શ્રી અરવિંદભાઇ ઝાપડીયા તથા શ્રી મહેન્દ્રભાઇ વાળા**
**પ્રધ્યુમન નગર પોલીસ સ્ટેશન રાજકોટ શહેર.**
**તા.૦૫/૦૯/૨૦૨૪**

**(બી.એમ.ઝણકાટ)**
**પોલીસ ઇન્સ્પેકટર**
**પ્રધ્યુમન નગર પોલીસ સ્ટેશન**
**રાજકોટ શહેર**

# રાજકોટ શહેર એસ.ઓ.જી. શાખા

## પ્રેસનોટ

NO SMOKING VAPING

## પ્રતિબંધિત ઈ-સિગારેટ (વેપો) નો મોટો જથ્થો પકડી પાડતી રાજકોટ શહેર એસ.ઓ.જી શાખા (નાર્કોટિકસ સેલ)

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ અને સ્પેશયલ બ્રાન્ચ) ડૉ.પાર્થરાજસિંહ ગોહીલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ભરત બી.બસીયા સાહેબ નાઓ દ્વારા "નશામુકત ભારત અભિયાન" અંતર્ગત રાજકોટ શહેર વિસ્તારમાં યુવાનો નશાના રવાડે ના ચડે તે માટે માં રાજકોટ શહેરમાં પ્રતિબંધિત ઈ-સિગારેટ (વેપો)નું વેચાણ કરતા ઇસમોને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કડક માં કડક કાર્યવાહી કરવા પોલીસ કમિશ્નર સા. શ્રી નાઓ દ્વારા અવારનવાર COPTA ડ્રાઈવનું આયોજન કરવામાં આવતુ હોય છે અને જે અંગેની કાર્યવાહી કરવાની સુચનાઓ આપવામાં આવતી હોય છે.

ઉપરોકત સુચના આધારે એસ.ઓ.જી.શાખાના અધિકારી/માણસોની અલગ અલગ ટીમો હેલ્થ વોર્નીંગ વિનાની સિગારેટ,ઈ-સિગારેટ તથા વેપોનું વેચાણ કરતા પાનના ગલ્લાઓ તથા ટોબેકો પ્રોડકટના હોલસેલ દુકાનદારો ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહેલ હતી.

આ દરમ્યાન આજરોજ અમો એસ.ઓ.જી.શાખાના પો.ઇન્સ ડી.સી.સાકરીયા ની રાહબારી હેઠળ એસ.ઓ.જી. શાખાના પો.હેડ કોન્સ. ઇન્દ્રસિંહ જાડેજા તથા દિગ્વીજયસિંહ ગોહીલ તથા પો.કોન્સ. હાર્દીકસિંહ પરમાર નાઓની સંયુકત બાતમી આધારે રાજકોટ કાલાવડ રોડ શકિતનગર મે.રોડ પર આવેલ બાવન જીનાલય પાસે જાહેર રોડ પરથી એક ઈસમને પ્રતિબંધિત ઈ-સિગરેટ (વેપો) સાથે પકડી પાડી ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. અને આગળની કાર્યવાહી ગાંધીગ્રામ-૨ (યુની) પો.સ્ટે. ખાતે ચાલુમાં છે.

- **પકડાયેલ આરોપી:-**

  મિત ચંદ્રવદન પુજારા જાતે-લોહાણા ઉવ.૩૪ ધંધો-વેપાર રહે. કાલાવડ રોડ ખેતલાઆપાની બાજુમાં ક્રિષ્ના એપાર્ટમેન્ટ એ-૫૦૨ રાજકોટ

- **કબ્જે કરેલ મુદામાલ:-**

  (૧) અલગ અલગ કંપનીની પ્રતિબંધિત ઈ-સિગારેટ (વેપો) નંગ ૪૩ જેની એકની કિ.રૂ.૨૫૦૦ લેખે કુલ કિ.રૂ. ૧,૦૭,૫૦૦/-

**કામગીરી કરનાર:-**

પો.ઇન્સ. ડી.સી.સાકરીયા તથા પો.સબ ઈન્સ. એમ.બી.માજીરાણા તથા એ.એસ.આઇ. ડી.બી.ખેર તથા પો.હેડ.કોન્સ ઇન્દ્રસિંહ જાડેજા તથા ફિરોજભાઇ રાઠોડ તથા દિગ્વિજયસિંહ ગોહિલ તથા પો.કોન્સ હાર્દીકસિંહ પરમાર.

તા.૦૧/૦૯/૨૦૨૪

(ડી.સી. સાકરીયા)
પોલીસ ઇન્સ્પેકટર
એસ.ઓ.જી. રાજકોટ શહેર

# ઈ-ગુજકોપ પોકેટકોપ તથા "CEIR PORTAL" તથા હ્યુમન સોર્સીસનો ઉપયોગ કરી મોબાઈલ ફોન ચોરીનો ભેદ ઉકેલી મુદ્દામાલ રીકવર કરતી ”બી” ડીવીઝન પોલીસ રાજકોટ શહેર

**પ્રેસ નોટ**

**પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન- ૧ શ્રી સજનસિંહ પરમાર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.એસ.બારીઆ સાહેબ ઉતર વિભાગના નાઓના સીધા** માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરમાં મિલ્કત સંબંધી ગુન્હા અટકાવવા તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહન ચોરી, મોબાઈલ ચોરી,ઘરફોડ ચોરી,ચીલઝડપ, લુંટ વિગેરે જેવા અનડીટેક્ટ ગુન્હાઓને શોધી કાઢવાનું અને વધુમાં વધુ અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય

જે અન્વયે અમો **પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એસ.રાણે** બી ડીવીઝન પો.સ્ટે.ના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના **પો.સબ.ઇન્સ એ.બી.ચૌધરી** તથા સ્ટાફના પો.હેડ.કોન્સ. ક્રિપાલસિંહ ઝાલા તથા રાજેશભાઈ બાળા તથા પો.કોન્સ. ભાનુશંકર ધાંધલા તથા પંકજભાઈ માળી તથા રાજદિપભાઈ પટગીર તથા વિશ્વજીતસિંહ ઝાલા તથા જગદિશભાઈ વાંક એમ પોલીસ સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગ દરમ્યાન **પો.કોન્સ. પંકજભાઈ માળી તથા રાજદિપભાઈ પટગીર** નાઓને મળેલ સંયુક્ત ખાનગી બાતમી હકિકતના આધારે આરોપીને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**આરોપીનું નામ :-**

અમરજીતકુમાર રાજબંસી પ્રસાદ ઉ.વ.-૨૮ રહે-હાલ સિવિલ હોસ્પીટલ પુલ નીચે ફુટપાથપર રાજકોટ મુળ રહે-ગામ બારેઆ હરદો તા.સલેમપુર થાના-મઈલ જી.દેવરીયા રાજ્ય-ઉતરપ્રદેશ

**ડીટેક્ટ ગુનો:-**

રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.-૧૧૨૦૮૦૫૧૨૪-૦૬૫૦/૨૪ BNS કલમ-303(૨) મુજબ

**કબ્જે કરેલ મુદ્દામાલ:-**

**સેમસંગ S10 PLUS એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિ.રૂ.૭૩,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે.**

- **આ કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ**
- પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એસ.રાણે તથા પો.સબ.ઈન્સ. એ.બી.ચૌધરી તથા પો.હેડ.કોન્સ. ક્રિપાલસિંહ ઝાલા તથા રાજેશભાઈ બાળા તથા પો.કોન્સ. ભાનુશંકર ધાંધલા તથા પંકજભાઈ માળી તથા રાજદિપભાઈ પટગીર તથા વિશ્વજીતસિંહ ઝાલા તથા જગદિશભાઈ વાંક



(એસ.એસ.રાણે)
પોલીસ ઈન્સ્પેક્ટર
બી ડીવીઝન પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

| | | |
|---|---|---|
| | **પ્રેસ નોટ**<br>**કુવાડવા રોડ પોલીસ સ્ટેશન રાજકોટ શહેર**<br>તા ૦૩/૦૯/૨૦૨૪ | |

## ગંજીપતાના પાના વડે તીનપતીનો પૈસાની હારજીતનો જુગાર રમતા ૫ (પાંચ) ઇસમોને રોકડા રૂપીયા ૧૧,૪૮૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરતી કુવાડવા રોડ પોલીસ.

મ્હે. પોલીસ કમીશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમીશ્નર શ્રી મહેન્દ્ર બગરીયા સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી સજનસિંહ પરમાર સાહેબ (ઝોન-૧) તથા ઇ.મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી આર.એસ.બારીઆ સાહેબ (ઉત્તર વિભાગ) તથા અમો પોલીસ ઇન્સપેક્ટર બી.પી.રજયા ના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ પો.સબ.ઇન્સ એમ.જે.વરૂ સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી તથા જુગારના કેશો શોધવા સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પેટ્રોલીંગમાં ફરતા ફરતા પો.હેડ.કોન્સ અરવિંદભાઇ મકવાણા તથા પો.કોન્સ જયદીપભાઇ ધોળકીયા તથા ભાવેશભાઇ એમ.મકવાણા નાઓને મળેલ સયુંકત હકિકત આધારે મોરબી રોડ પર આવેલ હડાળા ગામના પાટીયાથી આગળ, રાધેશ્યામ સોસાયટીમાં, હનુમાનજીના મંદીર પાસે ગંજીપાનાનો તિનપતીનો પૈસાની હારજીતનો જુગાર રમતા કૂલ ૫ ઇસમોને કૂલ મુદ્દમાલ કિ.રૂ ૧૧,૪૮૦/- ના મુદામાલ સાથે પકડી પાડી કુવાડવા રોડ પો.સ્ટે લાવી કાયદેસરની કાર્યવાહિ કરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓના નામ અને સરનામા**

| | |
|---|---|
| ૧ | કમલેશભાઇ કાનજીભાઇ સોંદરવા રહે.રાધેશ્યામ સોસાયટી, શક્તી વાડીની સામે, હડાળા ગામ ના પાટીયાથી આગળ મોરબી રોડ તા.જી રાજકોટ મુળ રહે. નવાગામ તા.વંથલી જી.જુનાગઢ |
| ૨ | અયુબભાઇ ઇસ્માઇલભાઇ ભમરા રહે.રાધેશ્યામ સોસાયટી, શક્તી વાડીની સામે, હડાળા ગામ ના પાટીયા થી આગળ મોરબી રોડ તા.જી રાજકોટ |
| ૩ | મયુરભાઇ નરસિંહભાઇ ચૌહાણ રહે.રાધેશ્યામ સોસાયટી, શક્તી વાડીની સામે, હડાળા ગામ ના પાટીયાથી આગળ મોરબી રોડ તા.જી રાજકોટ |
| ૪ | રાજુભાઈ હસમુખભાઈ પીઠડીયા રહે.રાધેશ્યામ સોસાયટી, શક્તી વાડીની સામે, હડાળા ગામ ના પાટીયાથી આગળ મોરબી રોડ તા.જી રાજકોટ |
| ૫ | અનવરભાઇ અબ્દુલભાઇ કાતીયાર રહે.રાધેશ્યામ સોસાયટી, શક્તી વાડીની સામે, હડાળા ગામ ના પાટીયાથી આગળ મોરબી રોડ તા.જી રાજકોટ |

કબ્જે કરેલ મુદામાલ –

ગંજીપતાના પાના નંગ ૫૨ તથા રોકડા રૂપીયા ૧૧,૪૮૦/- કૂલ મુદ્દામાલ કિ.રૂ ૧૧,૪૮૦/-

આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ –

**અમો પોલીસ ઇન્સપેકટર બી.પી.રજયા તથા પો.સબ.ઇન્સ એમ.જે.વરૂ તથા એ.એસ.આઇ કે.વી.જાડેજા તથા મોહિતભાઈ કુંભારવાડીયા તથા પો.હેડ.કોન્સ. વિક્રમભાઇ એ. ગરચર તથા અરવિંદભાઇ ડી. મકવાણા તથા ધર્મેંદ્રસિંહ વી. પરમાર તથા પો.કોન્સ કુશલભાઇ એસ.જોશી તથા જયદિપભાઇ જી. ધોળકીયા તથા ધર્મરાજસિંહ આર. રાણા તથા ભાવેશભાઇ એમ.મકવાણા તથા જયપાલભાઇ બરાળીયા તથા સંજયભાઈ મિયાત્રા તથા ભરતભાઇ એમ.ઘેડ તથા નિલેશભાઇ સરવૈયા વિ.સ્ટાફના માણસો.**

તા.૦૩/૦૯/૨૦૨૪



(બી.પી.રજયા)
પોલીસ ઇન્સપેકટર
કુવાડવા રોડ પો.સ્ટે.
રાજકોટ શહેર.

| RAJKOT CITY CRIME BRANCH |
| --- |

## પ્રેસ નોટ

**રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન ના રૂ.૫૪,૫૦૦/- ઇંગ્લીશદારૂના જથ્થાના ગુન્હામાં તેમજ રાજકોટ તાલુકા પો. સ્ટે. તેમજ આજીડેમ પો. સ્ટે. ના ઇંગ્લીશદારૂના જથ્થાઓના ગુન્હામાં છેલ્લા પાંચ માસથી નાસતા ફરતા આરોપી તેમજ સુરત એન.ડી.પી.એસ. કોર્ટના પકકડ વોરંટમાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી**

**રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી,બ્રિજેશ ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, મહેન્દ્ર બગડિયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી(ક્રાઇમ), ડો.પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી(ક્રાઇમ) ભરત બી. બસીયા સાહેબ દ્વારા મિલ્કત સંબંધી તેમજ શરીર સંબંધી બનતા ગુન્હાઓ અટકાવવા તેમજ અનડીટેકટ ગુન્હાઓ ડીટેકટ કરવા માટે તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે તેમજ પ્રોહી ના કેસો કરવા તેમજ જુગારના કેસો કરવા માટે જરૂરી સુચના કરેલ હોય જે સુચના અન્વયે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ અમો પોલીસ ઇન્સ. શ્રી.એમ.આર.ગોંડલીયા ની ટીમ રાજકોટ શહેરમાં બનતા મીલ્કત સંબંધી ગુન્હાઓ તેમજ શરીર સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ અનડીટેક ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા તેમજ પ્રોહી/જુગારના કેસો કરવા માટે સતત પ્રયત્નશીલ હોય તેમજ આ બાબતે અમારી ટીમોને જરૂરી સુચનાઓ કરેલ હોય.

આજરોજ તા.૦૮/૦૯/૨૦૨૪ ના રોજ પો. ઇન્સ. એમ.એલ.ડામોર તથા પો.સબ ઇન્સ. શ્રી.વી.ડી.ડોડીયા ની ટીમના એ.એસ.આઇ. રણજીતસિંહ પઢારીયા તથા પો.હેડ કોન્સ. વિજયરાજસિંહ જાડેજા, સંજયભાઇ દાફડા પો.કોન્સ. કુલદીપસિંહ જાડેજા ને મળેલ ખાનગી રાહે હકીકતના આધારે રાજકોટ શહેર ડી.સી.બી. પો. સ્ટે. ના ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૫૨૪૦૧૨૮/૨૦૨૪ પ્રોહી. કલમ - ૬૫ઇ,૧૧૬બી,૮૧ ના ઇંગ્લીશદારૂનો જથ્થો રૂ.૫૪,૫૦૦/- ના મુદ્દામાલના ગુન્હા છેલ્લા પાંચ માસથી નાસતા ફરતા આરોપીને રાજકોટ શહેર સીવીલ હોસ્પીટલ ચોકબ્રીજ નિચેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપી-**

**તોફીક ઉર્ફે તોફલો મહંમદભાઇ સંધાર - સંધી ઉ.વ.૨૭ રહે. રંગઉપવન સોસાયટી હિરામણનગર શે.નં.૩ "નુરમંજીલ" રાજકોટ હાલ દુધસાગર રોડ અમુલડેરીના ગેઇટની સામે મેરીફીસની બાજુમાં સસરા - શબ્બીરભાઇ રાઉમાના ડેલામાં રાજકોટ**

**પકડેલ ગુન્હાની વિગત-**

**(૧) રાજકોટ શહેર , ડી.સી.બી. પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૫૨૪૦૧૨૮/૨૦૨૪ પ્રોહી. કલમ - ૬૫ઇ,૧૧૬બી,૮૧**

**પકડવાના બાકી ગુન્હા/વોરંટ**

(૧) રાજકોટ શહેર, રાજકોટ તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૩૨૪૦૪૨૯/૨૦૨૪ પ્રોહી. કલમ - ૬૫ઇ,૧૧૬બી,૮૧

(૨) રાજકોટ શહેર, આજીડેમ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૦૨૨૪૦૪૯૨/૨૦૨૪ પ્રોહી. કલમ - ૬૫એએ,૧૧૬બી,૯૮(૨)

(૩) સુરત એન.ડી.પી.એસ. કોર્ટનુ પકકડ વોરંટ એન.ડી.પી.એસ. કેસ નં.૩૩/૨૦૨૨ મુ.તા.૧૭/૦૯/૨૦૨૨

**કામગીરી કરનાર -**

**રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન અમો પો.ઇન્સ. એમ.આર.ગોંડલીયા, પોલીસ ઇન્સ. શ્રી.એમ.એલ.ડામોર, પો.સબ ઇન્સ. શ્રી.વી.ડી.ડોડીયા, એ.એસ.આઇ. , રણજીતસિંહ પઢારીયા , અશોક કલાલ , પો.હેડ કોન્સ. સંજયભાઇ દાફડા , વિજયરાજસિંહ જાડેજા , મયુરભાઇ મિયાત્રા, સુભાષભાઇ ધોધારી, પોલીસ કોન્સ. કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા.**

**તા.૦૮/૦૯/૨૦૨૪**

**(એમ.આર.ગોંડલીયા)**
**પોલીસ ઇન્સ.**
**ડી.સી.બી. પો. સ્ટે.**
**રાજકોટ શહેર**

# ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશન
# રાજકોટ શહેર.

## વાહન ચોરીના ગુન્હાઓ ડીટેકટ કરી આરોપીને બે મો.સા. સાથે પકડી પાડતી ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશન ની ટીમ.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઝોન-૨) જગદીશ બાંગરવા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (પશ્ચિમ વિભાગ) રાધીકા ભારાઇ સાહેબ નાઓએ મિલકતસંબંધીત ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ વણશોધાયેલ ચોરીના ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ આરોપીઓને પકડી પાડવા સુચના અને માર્ગદર્શન આપેલ જે અન્વયે પોલીસ ઇન્સ્પેકટર એમ.જી.વસાવા ના માર્ગદર્શન મુજબ ડી-સ્ટાફ પો.સબ ઇન્સ. બી.આર.ભરવાડ તથા સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ પેટ્રોલીંગ મા હોય હ્યુમન સોર્સીસથી પ્રયત્નશીલ હોય આ દરમ્યાન પો.કોન્સ. ગોપાલસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા નાઓને ખાનગીરાહે હકિકત મળેલ કે એક ઇસમ ચોરીના મો.સા. સાથે મુંજકા ચોકડી આર્ષવિદ્યા મંદિર તરફ જતા રોડ ઉપર હાજર હોય તેવી હકિકત ના આધારે હકિકતવાળી જગ્યાએ ચેક કરતા આરોપી મળી આવતા આરોપી ને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---

પકડાયેલ આરોપી –

(૧) પ્રકાશભાઇ ઉર્ફે ભોલો બંસીભાઇ દુધરેજીયા રહે.મેટોડા રાધીકા એપાર્ટમેન્ટ ૩૦૪ પાઠક સ્કુલની પાછળ રાજકોટ

કબુલાત ની વિગત –

(૧) આજથી આશરે એકાદ મહિના પહેલા રાજકોટતાલુકા પો.સ્ટે. વિસ્તારના નાનામૌવા રોડ આર.આર.ફીટનેશ જીમ પાસેથી એકટીવા મો.સા. ચોરી કરેલ ની કબુલાત આપેલ છે.

(૨) આજથી આશરે બે મહિના પહેલા ગાંધીગ્રામ પો.સ્ટે. વિસ્તારના રૈયાટેલીફોન એક્ષચેન્જ ની સામે પાણીના ટાંકા પાસેથી સ્પલેન્ડર મો.સા. ચોરી કરેલ ની કબુલાત આપેલ છે.

## આરોપી નો ગુનાહિત ઇતીહાસ –

(૧) રાજકોટ ગ્રામ્ય જીલ્લા ના ઉપલેટા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૧૨૧૩૦૬૪૨૦૧૧૩૩/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૨૨૪ મુજબ

(૨) રાજકોટ ગ્રામ્ય જીલ્લા ના ઉપલેટા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૧૨૧૩૦૬૪૨૦૧૧૦૭/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૩) રાજકોટ શહેર ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૦૩૨૧૧૩૧૩/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૧૮૮ જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ

(૪) રાજકોટ શહેર ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૦૩૨૧૧૩૧૦/૨૦૨૧ એમ.વી.એક્ટ કલમ ૧૮૫ મુજબ

## આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ -

**પોલીસ ઇન્સપેકટર એમ.જી.વસાવા, તથા પો.સબ ઇન્સ. બી.આર.ભરવાડ, એ.એસ.આઇ. સમીરભાઇ શેખ પો.હેડ.કોન્સ. મહિપાલસિંહ જાડેજા, રઘુવીરસિંહ વાળા, ક્રીપાલસિંહ ઝાલા, પો.કોન્સ. વનરાજભાઇ લાવડીયા, ગોપાલસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા, મૈસુરભાઇ કુંભારવાડીયા, યોગરાજસિંહ ગોહિલ**

**તા.૧૦/૦૯/૨૦૨૪**

**(એમ.જી.વસાવા)**
**પોલીસ ઇન્સપેકટર**
**ગાંધીગ્રામ-૨ (યુનિ.) પો.સ્ટે.**
**રાજકોટ શહેર.**



# ગાંધીગ્રામ-૨(યુનિ.)પોલીસ સ્ટેશન
# રાજકોટ શહેર

**“નંદ એમ્પાયર” ફ્લેટ નં.૩૪૨, પાટીદાર ચોક પાસે ગંગોત્રી પાર્ક મેઈન રોડ, રાજકોટ ખાતે ફરીયાદીના ઘરેથી કામ કરતા નોકર બહેને રૂ.૩,૦૦,૦૦૦/- ની કિંમતની સોલીટેર ડાયમંડની સોનાની વિંટીની ચોરી કરેલ હોય જે ગુન્હો ડીટેકટ કરી આરોપી પાસેથી ચોરીમા ગયેલ મુદ્દામાલ રીકવર કરી આરોપીને પકડી પાડતી ગાંધીગ્રામ-૨(યુનિ.)પો.સ્ટે. ની ટીમ.**

